પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૭ | ૯ નવેમ્બર, ૨૦૧૯, શનિવાર; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે અયોધ્યા કેસનો ચુકાદો


**સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની બેંચ સવારે ૧૦-૩૦ કલાકે રામમંદિરના વિવાદીત કેસનો વર્ષો બાદ ચુકાદો જાહેર કરશે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટની તાકિદની બેઠક બોલાવી ચુકાદાના મામલે કોઈ ઉત્તેજનાત્મક ભાષણો ન કરવા તથા વાતોને ઉપસાવી-ઉપસાવીને ન કહેવા તાકિદ કરી હતી : ઉત્તરપ્રદેશ પોલીસ છાવણીમાં ફેરવાયું : સેંકડોની ધરપકડ કરાઇ : ૧૬૫૯ લોકોના સોશિયલ મિડિયા એકાઉન્ટ પર ચાંપતી નજર : ૧૦,૦૦૦થી પણ વધુ લોકોને સીઆરપીસી હેઠળ અંકુશમાં મુકાયા : શાંતિ ભંગ ન થાય તે માટે ૧૮ કોલેજોમાં ૨૦ જેલ સ્થાપિત : હજારો જવાનો તૈનાત**

નવી દિલ્હી,તા. ૮

દેશમાં વર્ષોથી રામમંદિર મામલાનો ચુકાદો પડતર હતો જેનો ઐતિહાસિક ચુકાદો આવતીકાલે અર્થાત ૯ નવેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગાઈના અધ્યક્ષ પદે રચાયેલી બેંચ જાહેર કરશે. ભારે ઉત્તેજનાત્મક વાતાવરણ વચ્ચે ચુકાદાના પ્રત્યાઘાતની ચર્ચાઓ પણ ઠેર ઠેર જોવા મળે છે.

સાથો સાથ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કેબિનેટની તાકિદની બેઠક બોલાવી મંત્રીઓ અને મંત્રીઓના માધ્યમથી કાર્યકરો સહિત દેશવાસીઓને કોઈ ઉત્તેજનાત્મક ટીકા-ટીપ્પણીઓ કે ચુકાદાના સમર્થન કે વિરુદ્ધમાં વાતો ઉપસાવી-ઉપસાવીને ન કરવા અપીલ કરી છે. સમગ્ર દેશમાં કડક સુરક્ષા ગોઠવવાની સુચના રાજ્ય સરકારોને અપાઈ છે.





અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદા સમયે ઉત્તરપ્રદેશ અને ખાસ કરીને અયોધ્યા છાવણીમાં ફેરવી દેવામાં આવતા અનેક નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા છે. ચુકાદા પહેલા જ ૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. ૧૬૫૯ લોકોના સોશિયલ મિડિયા એકાઉન્ટ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ૧૦૦૦૦થી વધુ લોકો એવા છે જેમના પર સીઆરપીસીની કલમ હેઠળ નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં આરપીએફના ૪૦૦૦ જવાનો મોકલવામાં આવ્યા છે. ૧૮થી વધુ યુપી કોલેજોમાં ૨૦ જેલો સ્થાપિત કરવામાં આવી છે. ચુકાદા પહેલા સુરક્ષા વ્યવસ્થાના ભાગરુપે ૨૦ કામચલાઉ જેલો ઉભી કરવામાં આવી છે. તમામ જગ્યાઓએ સીસીટીવી કેમેરા વ્યવસ્થિત કરી દેવામાં આવ્યા છે. મુંબઈ, દિલ્હી, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશમાં સાવચેતીના પગલા લેવાયા છે. રાજ્યોને અલર્ટ કરાયા છે. અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટનો ફેંસલો હવે કોઈ પણ સમય આવી શકે છે. આવી સ્થિતીમાં ઉત્તરપ્રદેશ સરકાર જોરદાર રીતે સક્રિય થયેલી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. યુપીના ડીજીપી ઓપી સિંહે

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાનમાં ૫.૯ તીવ્રતાનો ભૂકંપ

તેહરાન,તા.૮

ઈરાનમાં ૫.૯ તીવ્રતાના ભૂકંપની લીધે પાંચ લોકોનાં મોત થયા છે અને આશરે ૧૨૦ વ્યક્તિને ઈજા પહોંચી છે.પ્રેસ ટીવીએ શુક્રવારે સત્તાવાર અહેવાલમાં એવી માહિતી આપી હતી કે ભૂકંપને લીધે ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિના મોત થયા છે અને આશરે ૧૨૦ વ્યક્તિને ઈજા થઈ હતી.

યુરોપિયન-મેડિટેરેનિયન સીસમોલોજીકલ સેન્ટરના અનુમાન પ્રમાણે ઈરાનમાં શુક્રવારે સવારે રિક્ટર સ્કેલ પર ૫.૯૦ તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર ઈરાનના એજરબેજાન પ્રાંતની રાજધાની તબરીજથી પૂર્વમાં આશરે ૧૧૮ કિમી અંતર પર હતું.

## ગાંધી પરિવારની એસપીજી સુરક્ષા હટાવાઈ

**એસપીજીના બદલે હવે ઝેડ પ્લસની સુરક્ષા મળશે : મોદી સરકારના નિર્ણયથી કોંગ્રેસ પાર્ટીના લોકો લાલઘુમ થયા**

નવીદિલ્હી, તા. ૮

સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાઢેરાની એસપીજી સુરક્ષા વ્યવસ્થાને આખરે દૂર કરી દેવામાં આવી છે. મોદી સરકારના આ નિર્ણયને લઈને કોંગ્રેસ પાર્ટી નારાજ દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટીના લોકો માની રહ્યા છે કે, બદલાની ભાવના સાથે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાર્ટીએ આને મોદી સરકારની અંગત બદલાની કાર્યવાહી તરીકે ગણાવી છે. ગાંધી પરિવારના નજીકી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે કહ્યું છે કે, આનાથી દેશના એવા બે પૂર્વ વડાપ્રધાનોના પરિવારની સુરક્ષા સાથે બાંધછોડ કરવામાં આવી છે જે લોકોએ આતંકવાદ અને હિંસાની સામે કાર્યવાહી કરી હતી. અહેમદ પટેલે ટ્વિટ કરીને કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## ચેરિટી કાયદાનો ભંગ કરવા બદલ ટ્રમ્પને ૨૦ લાખ ડોલરનો દંડ

ન્યુયોર્ક,તા.૮

અમેરિકાના ચેરિટીને લગતા કાયદાનો ભંગ કરવા બદલ ન્યૂયોર્કના એક ન્યાયાધીશે દેશના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ૨૦ લાખ ડોલર (રૂપિયા ૧૪ કરોડ ૨૭ લાખ પાંચ હજાર)નો દંડ ફટકાર્યો છે.

આ કેસ ચેરિટી એથિક્સને લગતો છે અને દંડની રકમ કાયદેસર નોન-પ્રોફિટ સંસ્થાઓને ચૂકવવાનો ટ્રમ્પને આદેશ આપવામાં આવ્યો છે. આ સિવિલ કેસ ટ્રમ્પની એક ભૂતપૂર્વ ચેરિટેબલ સંસ્થા અને સ્ટેટ એટર્ની જનરલ વચ્ચેનો છે. આ કેસ ટ્રમ્પની હવે બંધ કરી દેવાયેલી ચેરિટેબલ સંસ્થા ધ ડોનાલ્ડ જે. ટ્રમ્પ ફાઉન્ડેશન વિરુદ્ધ કરવામાં આવ્યો હતો.

## કાશ્મીરી પંડિતોના ઘાટીમાં પુનર્વસન માટે કેન્દ્ર પર આરએસએસનું દબાણ

ન્યુ દિલ્હી,તા.૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘએ નરેન્દ્ર મોદી સરકારને સલાહ આપી છે કે, તે કશ્મીરી પંડિતો માટે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કશ્મીરમાં અલગથી કોલોની બનાવે. આરએસએસ એ માગ કરી છે કે, કશ્મીરી પંડિતોને તેમની સંપત્તિ પણ પરત આપવામાં આવે. એક અહેવાલ મુજબ આરએસએસ ની સલાહ એ "વિશલિસ્ટ"નો જ ભાગ છે જે હાલમાં જ કશ્મીરી પંડિતો તરફથી આરએસએસ એ મોદી સરકારને મોકલી છે.

આરએસએસના એક સિનિયર નેતાએ જણાવ્યું કે, કશ્મીરી પંડિતોનો કડકમાં કડક સુરક્ષા સાથે પુનર્વસન થવુ જોઈએ. એને બે મંજિલા કોલોનીમાં એકસાથે શિફ્ટ કરવા જોઈએ. આ કરતા પહેલા સરકારે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી પડશે. આ સાથે જ તેમને રોજગારની સમાન તકો પણ મળવી જોઈએ. મહત્વનું છે કે, જમ્મુ-કશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કરાયા બાદ કશ્મીરી પંડિતોને તેમના હક્ક પરત મળશે તેવી સરકાર પાસેથી આશા છે.

## દેવેન્દ્ર ફડનવીસનું રાજીનામુ

**ચૂંટણી અમારી સાથે લડી પણ શિવસેનાએ વાત એનસીપી સાથે કરી : રાજ્યપાલ કોશિયારીને રાજીનામુ સુપ્રત કર્યા બાદ શિવસેના પર ફડનવીસના પ્રહારો : ૫૦-૫૦ ફોર્મ્યુલા પર ક્યારે વાત થઇ હોવાનો ફડનવીસનો ઇન્કાર**



મુંબઈ, તા. ૮

મહારાષ્ટ્રમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ રાજકીય નિવેદનબાજીની વચ્ચે રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આજે રાજીનામુ આપી દીધું હતું. રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીને રાજીનામુ સોંપી દીધા બાદ ફડનવીસે શિવસેના ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, શિવસેના ભારતીય જનતા પાર્ટી સાથે મળીને ચૂંટણી લડી હતી પરંતુ સરકાર બનાવવા માટેની વાતચીત શિવસેનાએ એનસીપી સાથે જારી રાખી હતી જેનાથી અમને ખુબ આઘાત લાગ્યો હતો. શિવસેનાના કેટલાક નેતાઓ જે રીતે નિવેદનબાજી કરી રહ્યા હતા તેનાથી પણ કઠોર ભાષામાં અમે જવાબ આપવાની સ્થિતિમાં હતા પરંતુ આ અમારી સંસ્કૃતિ રહી નથી. અમે બાલાસાહેબ ઠાકરેનું સન્માન કરીએ છીએ અને તેમની સામે ક્યારે પણ વિચારી શકતા નથી. વડાપ્રધાન મોદીએ પણ ક્યારે પણ ઉદ્ધવ ઠાકરેની સામે કોઈ નિવેદનબાજી કરી નથી. તેમના ઉપર વ્યક્તિગત ટિપ્પણી કરવામાં આવી હોવા છતાં અમે ક્યારે પણ તેમની સામે નિવેદનબાજી કરી રહ્યા ન હતા. શિવસેનાના નેતાઓના નિવેદનથી આઘાત લાગ્યો છે. ફડનવીસે કહ્યું હતું કે, શિવસેનાના ૫૦-૫૦ સીએમના દાવા બિલકુલ આધાર વગરના છે.

## મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી તો શિવસેનાનો જ : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે, તે આજ સુધી કાર્યકારી મુખ્યમંત્રી રહેશે. ફડણવીસે કહ્યું કે સરકાર ન બનવું એ આદેશનું અપમાન છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યમાં જ્યારે પણ સરકાર બનાવવામાં આવશે, ત્યારે ભાજપના નેતૃત્વમાં તેની રચના કરવામાં આવશે. શિવસેનાની નિંદા કરતાં ફડણવીસે કહ્યું કે અમે જવાબ પણ આપી શકીએ છીએ, પરંતુ શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેનું સન્માન કરીએ છીએ તેમ અમે આપીશું નહીં.

ભાજપ અને શિવસેના વચ્ચે સરકારની રચના અંગે કોઈ સહમતિ નથી. મહારાષ્ટ્રમાં અગાઉની સરકારનો કાર્યકાળ ૯ નવેમ્બરના રોજ સમાપ્ત થાય છે. આવી સ્થિતિમાં, આ છેલ્લા ૨૪ કલાક ખૂબ જ મહત્વપૂર્ણ છે. શિવસેનાના નેતા સંજય રાઉતે એક નિવેદનમાં ભાજપ પર રાજ્યને રાષ્ટ્રપતિ શાસન તરફ લઈ જવાનો આક્ષેપ કર્યો છે. સંજય રાઉતે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે 'ભાજપ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માંગે છે. આ આદેશનું અપમાન છે.



શિવસેના પ્રમુખે કહ્યું કે, ચૂંટણી પહેલા ભાજપમાં મધુર વાતો થઈ હતી. અમે ડેપ્યુટી સીએમ પદ માટે તૈયાર નથી. મેં મારા પિતાને વચન આપ્યું હતું કે શિવસેના એક દિવસ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બનશે. દેવેન્દ્ર ફડણવીસ મારા પર ખોટું બોલવાનો આરોપ લગાવી રહ્યા છે. ઉદ્રવ ઠાકરે એ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં શિવસેનાનો

● અનુસંધાન પાન-૭ પર

## આજે કરતારપુર કોરિડોરનું ઉદ્દ્ઘાટન

**નરેન્દ્ર મોદી આઈસીપીનું વિધિવત ઉદ્દ્ઘાટન કરશે : કરતારપુર કોરિડોર ખુલે તે પહેલા પાકિસ્તાન દ્વારા ગુલાંટ મારીને પ્રથમ દિવસે જ ૨૦ ડોલરની ફી લેવાની જાહેરાત**

નવીદિલ્હી, તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કરતારપુર કોરિડોરનું આવતીકાલે ઉદ્દ્ઘાટન કરવામાં આવનાર છે. ગુરુનાનકની ૫૫૦મી જન્મજયંતિ પ્રસંગે જોરદાર તૈયારીઓ કરવામાં આવી છે. બીજી બાજુ પાકિસ્તાને ભારતને કહી દીધું છે કે, કરતારપુર કોરિડોર મારફતે આવનાર લોકો પાસેથી ૨૦ ડોલરની ફી લેવામાં આવશે. પાકિસ્તાની વડાપ્રધાને ગયા સપ્તાહમાં કહ્યું હતું કે, કોરિડોર શરૂ થવાના પ્રથમ દિવસે શ્રદ્ધાળુઓ પાસેથી કોઈ ફી લેવામાં આવશે નહીં પરંતુ હવે પાકિસ્તાને



ગુલાંટ મારીને પ્રથમ દિવસે પણ ૨૦ ડોલરની ફી લેવાનો નિર્ણય કર્યો છે. કરતારપુર કોરિડોર ભારતના પંજાબમાં ડેરા બાબા નાનકને કરતારપુરમાં દરબાર સાહિબ સાથે જોડી દેશે. કરતારપુર પાકિસ્તાનના પંજાબ પ્રાંતના નરોવાલ જિલ્લામાં સ્થિત આંતરરાષ્ટ્રીય સરહદથી ચાર કિલોમીટરના અંતરે સ્થિત છે. બંને દેશો વચ્ચે ખુબ જ ખરાબ સંબંધ રહ્યા હોવા છતાં ભારત અને

● અનુસંધાન પાન-૭ પર

## કોન્ટ્રાક્ટ પર કર્મચારીઓની ભરતી કરવા રેલવેનો નિર્ણય

**રેલવે ભરતી બોર્ડથી અલગ રહીને ભરતી કરાશે : સ્ટીમ એન્જિન, વિન્ટેજ કોચ, સિગ્નલ જેવી કેટલીક જુની સંપત્તિઓને જાળવવા માટે મદદરુપ થશે**

નવીદિલ્હી,તા. ૮

રેલવે ભરતીમાં થઈ રહેલા ખરાબ સમયને રોકવાના હેતુસર રેલવે દ્વારા રેલવે ભરતી બોર્ડથી અલગ થઈને કોન્ટ્રાક્ટ ઉપર ભરતીની પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ભારતીય રેલવેએ ચોક્કસ કેટેગરીમાં કોન્ટ્રાક્ટ ભરતી માટે તેના બારણા ખોલી દીધા છે. ચાવીરુપ ક્ષેત્રોમાં સ્ટાફની અછતને પહોંચી વળવાના હેતુસર પ્રવર્તમાન જગ્યાઓને લઈને આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. રેલવે તંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે નિવૃત્ત થઈ ચુકેલા કર્મચારીઓની સેવા લેવાનો પણ નિર્ણય કરાયો છે. આ કર્મચારીઓ સ્ટીમ એન્જિન, વિન્ટેજ કોચ, સિગ્નલ જેવી જુની સંપત્તિઓને જાળવવા માટેની જવાબદારી સંભાળશે. એક વરિષ્ઠ રેલવે અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, જુના લોકો સ્ટીમ એન્જિન જેવી ચીજોની જાળવણી માટે તાલીમ મેળવી ચુકેલા છે જેથી આ કામ માટે તેમને કોન્ટ્રાક્ટ ઉપર લેવામાં આવી શકે છે. ઝોનલ અધિકારીઓને લાયકાત ધરાવતા નિવૃત્ત કર્મચારીઓને નિમવા માટેના અધિકાર આપી દેવામાં આવ્યા છે. આનાથી જુની હેરિટેજ આઈટમોને સારીરીતે જાળવી શકાશે. રેલવેની અનેક ઓફિસોમાં સ્ટેનોગ્રાફર અને પીએની કમી જોવા મળી રહી છે.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225